શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક-૬ (કુલ માર્ક્સ-૫૦)**

અભ્યાસ ક્રમ – **સમાધિતંત્ર : ગાથા ૬૬ થી ૭૫**

---

પરીક્ષાર્થીનું નામ : ........................................................................ ઉંમર : ........................

મંડળનું નામ : ....................................................... ગામનું નામ : ......................

ફોન નં.: ........................................................... તા. ૨૫-૧૨-૨૦૧૯

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચેના ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.** **૧૦**

(૧) વાસ્તવમાં આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી ................ તેનું શરીર છે. (પુદ્‌ગલ, જ્ઞાન, કર્મ)

(૨) જેઓ આત્મદર્શી છે તેઓ તેમનું નિવાસ સ્થાન ............... ને જ માને છે. (વન, ગ્રામ, શુદ્ધાત્મા)

(૩) જ્ઞાનીને આત્મસ્વરૂપનું ભાન છે, તેથી તેને શરીરનાં કોઈપણ વર્ણથી ............. થતો નથી. (રાગ-દ્વેષ, કષાય, મમત્વભાવ)

(૪) આત્માને જ આત્મા માનવો તે શરીરના સર્વથા ત્યાગરૂપ ...........નું બીજ છે. (મુક્તિ, સંસાર, કર્મ-નિર્જરા)

(૫) સાધકને જેમ જેમ ભેદવિજ્ઞાનનું બળ વધતું જાય છે તેમ તેમ તેને પરપદાર્થો પ્રત્યે ............ થાય છે. (આદરભાવ, સમભાવ, ઉપેક્ષાભાવ)

**પ્રશ્ન-૨ : નીચેનાં પ્રશ્નોનાં ''હા'' અથવા ''ના''માં જવાબ આપો.** **૧૦**

(૧) જ્યાં મોહભાવ સહિત ઉપયોગ પરપદાર્થોમાં અટકે છે ત્યાં રાગરૂપ દશા વર્તે છે. .......

(૨) જેમને આત્મસ્વરૂપનો અનુભવ થયો છે તેવા જ્ઞાની પુરુષોને ગ્રામ કે અરણ્ય એ નિવાસસ્થાન છે. .......

(૩) જેમ લાલ વસ્ત્ર અને શરીર ભિન્ન છે તેમ લાલ વર્ણવાળું શરીર અને આત્મા ભિન્ન નથી. .......

(૪) જીવ કર્મના ઉદયમાં ન જોડાય તો નવા કર્મ બંધાતા નથી, અને જૂના કર્મ ખરી જાય છે. .......

(૫) સવિકલ્પદશામાં ઉપયોગ આત્મસ્વરૂપમાં સ્થિર થઈ શકતો નથી. ......

**પ્રશ્ન-૩ : નીચેના પ્રશ્નના એક જ શબ્દમાં જવાબ આપો.** **૧૦**

(૧) શરીરમાં આત્મબુદ્ધિ કરવાથી અન્યભવમાં પણ શેની પ્રાપ્તિ થાય છે ? ........................

(૨) આત્મસ્વરૂપના અભ્યાસીઓએ કેવા જનોના સંસર્ગથી દૂર રહેવું યોગ્ય છે ? ........................

(૩) જે સમયે અંતરાત્મા આત્મસ્વરૂપની યથાર્થ ભાવના કરતાં કરતાં સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે, ત્યારે જડ ક્રિયાત્મક એવું કોના તરફનું લક્ષ છૂટી જાય છે ? ........................

(૪) જીવ પોતાની વિપરીત માન્યતા ટાળતો નથી ત્યાં સુધી ક્યા કર્મનો પ્રવાહ ચાલુ રહે છે ? ........................

(૫) આત્મા અને શરીરને એકક્ષેત્રાવગાહ કેવો સંબંધ છે ? ........................

**પ્રશ્ન-૪ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** **૧૦**

(૧) જેને શરીરાદિરૂપ જગત કાષ્ટ પાષાણાદિ તુલ્ય અચેતન અને નિઃસ્પન્દ ભાસે છે તે શેને પામે છે ?

(૨) જ્ઞાનીએ પુનર્ભવ કરવો ન પડે તે માટે શું કરવું ?

(૩) આત્મા જ આત્માનો ગુરુ શા માટે છે ?

(૪) કેવા આત્માનું નિરંતર ચિત્તમાં ધ્યાન કરવું ?

(૫) જેના ચિત્તમાં અવિચલ ધૃતિ કે સ્વરૂપમાં પ્રસતિ હોય તે શેને પ્રાપ્ત થાય છે ?

**પ્રશ્ન-૫ : નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર ટૂંકનોંધ લખો.** **૧૦**

(૧) અજ્ઞાની જીવ ''આ શરીર જ હું છું'' એમ શા કારણે માને છે તે ચર્ચો.

(૨) અજ્ઞાની અને જ્ઞાનીના નિવાસ ક્યા-ક્યા છે તેનું વર્ણન કરો.

(૩) યોગીએ લૌકિકજનોનો સંગ શા માટે તજવો જોઈએ તે વિશે ટૂંકમાં જણાવો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૩૧-૧-૨૦૨૦ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.